# રાજ્યમાં ઓગસ્ટમાં યોજનાર તમામ શોભાયાત્રા, લોકમેળા, પદયાત્રા, તાજીયા પર પ્રતિબંધ લદાયો

ગાંધીનગર, તા.૭

ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજા આજે વડોદરાની મુલાકાતે ત્યારે તેઓએ મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીને ૪ વર્ષ પૂરા કરવા બદલ આપ્યા અભિનંદન આપ્યા હતા. સાથે સાથે જ મહત્વની જાહેરાત કરી છે. તેઓએ કહ્યું કે, આગામી દિવસોમાં આવી રહેલા તહેવારોને લઈ વિવિધ મંડળના આગેવાનોએ સરકારને રજૂઆત કરી હતી. કોરોનાને લઈ તહેવારો પર પ્રતિબંધ લગાવવા રજૂઆત કરી હતી. જેથી સરકારે ધાર્મિક તહેવારો અને પ્રતિબંધ મૂક્યો છે. કોરોના સંક્રમણમાં વધારો ના થાય તે માટે આ નિર્ણય લેવાયો છે. સાથે જ ઑગસ્ટ માસમાં આવતા તમામ તહેવારોને ન ઉજવવા તેઓએ અપીલ કરી છે. તો સાથે જ ઑગસ્ટ મહિનામાં આવતા તમામ તહેવારો પર ગુજરાત સરકારે પ્રતિબંધ લગાવ્યો છે. જન્માષ્ટમી અને ભાદરવી પૂનમના મેળા ઉપરાંત તરણેતરના મેળા પર પણ પ્રતિબંધ લગાવ્યો છે. આ સંદર્ભે અંબાજી પદયાત્રા પણ બંધ રહેશે. જ્યારે ગણેશ ચતુર્થીએ યોજાતા ગણેશ મહોત્સવ અને તાજીયા જુલુસ પર પણ પ્રતિબંધ જાહેર કરાયો છે. ગૃહરાજ્ય મંત્રી પ્રદીપસિંહ જાડેજાએ કહ્યું કે, સરકારે જન્માષ્ટમીના સમયે ગુજરાતભરમાં લાગતા તમામ મેળાઓ ઉપરાંત રાત્રે મંદિરોમાં ઉજવાતા કૃષ્ણ જન્મોત્સવ ઉજવવા પર પણ પ્રતિબંધ લગાવ્યો છે. લોકો ઘરે જ ગણેશજીની મૂર્તિ બેસાડી શકે છે. સાથે જ ઘરે જ લોકોને મૂર્તિનું વિસર્જન કરવું પડશે.

તો શ્રેય હોસ્પિટલની કરુણાંતિકાને લઈને પ્રદીપસિંહ જાડેજાએ કહ્યું કે, અમદાવાદની શ્રેય હોસ્પિટલમાં આગ લાગતાં ૮ લોકો મૃત્યુ પામ્યા હતા. મુખ્યમંત્રીએ તપાસ કમિટી બનાવી છે. આગની ઘટના કેમ બની તે માટે પોલીસ તંત્ર તપાસ કરી રહ્યું છે. કોઈ પણ કસૂરવારને નહિ છોડાય. ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી દ્વારા સ્થળ તપાસ ચાલુ છે.

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૮ કેસ

## સારવાર દરમ્યાન વધુ એક દર્દીનું મોત : ગાંધીનગર તાલુકામાં ૧૦, માણસામાં 3, કલોલમાં ૪ અને દહેગામમાં એક કેસ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના વધુ ૧૮ કેસ નોંધાયા છે. આજે સારવાર દરમ્યાન કલોલના એક ૫૫ વર્ષીય પુરૂષ દર્દીનું મોત થયુ છે.

ગ્રામ્ય વિસ્તારમાં દર્દીઓના મોતનો આંક વધતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે. દર્દીઓના મૃત્યુઆંકને લઈ પણ તંત્ર દ્વારા મૌન સેવવામાં આવી રહ્યું છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારનો મૃત્યુઆંક વધીને ૮૪ પર પહોંચ્યો છે.

મળતી વિગતો પ્રમાણે કલોલ ગાંધીનગરમાં કોરોનાની સારવાર દરમ્યાન સૌથી વધુ મૃત્યુ થયા છે. જો કે તંત્ર જે દર્દીઓના મોત સારવાર દરમ્યાન થયા છે તે કોરોના ઉપરાંત અન્ય બિમારી પણ ધરાવતા હોવાનું કહી રહેલ છે.

ગ્રામીણ વિસ્તારમાં સંક્રમણના વધતા જતા કેસો અને વધતા જતા મૃત્યુઆંકને લઈ તંત્રની ચિંતા વધવા પામી છે. જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા દાવો કરવામાં આવી રહ્યો છે કે જિલ્લાના ગ્રામ્યવિસ્તારમાં રિકવરી રેટ સારો છે. ગ્રામીણ વિસ્તારમાં ૬ હજારથી વધુ લોકોના ટેસ્ટ અત્યાર સુધીમાં કરવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે આજે નોંધાયેલા કેસોમાં ૧૦ કેસ ગાંધીનગર તાલુકામાંથી નોંધાયા છે. કલોલમાં ૪ કેસ, માણસામાં ૩ કેસ અને દહેગામ તાલુકામાં એક કેસ નોંધાયો છે.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં વધતા જતા કેસોને રોકવા તંત્ર દ્વારા આક્રમક ટેસ્ટીંગની વ્યુહરચના પણ તૈયાર કરી દેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર તાલુકામાં જે ૧૦ કેસ નોંધાયા છે તેમાં ચિલોડામાંથી બે કેસ મળી આવ્યા છે. જેમાં એક ૨૮ વર્ષીય મહિલા અને ૨૭ વર્ષીય પુરૂષનો સમાવેશ થાય છે.

ડભોડામાંથી પણ એક ૩૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ઈસનપુર મોટા ગામેથી પણ ૪૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. પૂર્વ પટ્ટીમાં જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે. તંત્રએ પૂર્વપટ્ટીના ગ્રામ્ય વિસ્તારોમાં સઘન સર્વેલન્સની તાકીદ કરી છે.

વાસણા હડમતિયા ગામેથી આજે વધુ એક કેસ સામે આવ્યો છે. ૪૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત કોબામાંથી એક ૨૯ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કોબામાં વધતા જતા કેસોને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે.

હોટસ્પોટ બનેલ કુડાસણમાંથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. જેમાં એક ૩ વર્ષની આયુ ધરાવતી બાળકી ઉપરાંત ૬૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આલમપુર ગામેથી પણ એક ૪૧ વર્ષીય પુરૂષ અને નાના ચિલોડામાંથી પણ ૪૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

દહેગામ તાલુકાના ઔદ્યોગિક વિસ્તાર તરીકે ઓળખાતા ઝાંક ગામેથી એક ૩૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં નવા ૧૦ કેસ

## પાંચ મહિલા દર્દીઓ આજે નોંધાઈ : પાંચ દર્દી ૬૦ થી વધુ વયના મળ્યા : ઈજનેર, બુકસ્ટોરના સંચાલક, બેલીફ પણ કોરોનાની ઝપટમાં : સે. ૨૭ માં બે કેસ ઉપરાંત સે. ૨૫, ૨૬, ૩, ૧, ૧૭, ૧૪,૨૧ અને સે. ૬ માંથી કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરમાંથી કોરોનાના આજે વધુ ૧૦ કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૫૫૧ પર પહોંચી છે.

આજે સે. ૨૭ માંથી બે કેસ મળ્યા છે. આ ઉપરાંત સે. ૨૫, ૨૬, ૩, ૧, ૧૭, ૧૪, ૨૧ અને ૬ માંથી કેસો મળી આવ્યા છે.

આજે નોંધાયેલા કેસોમાં પાંચ મહિલા દર્દી છે. આજે નોંધાયેલા કેસોમાં ૬ દર્દીઓ ૬૦ થી વધુ વયના છે. બે દર્દીઓ ૩૦ વયની આસપાસના છે જ્યારે બે દર્દી ૪૧ વર્ષની વય આયુના છે. શહેરમાં મહિલા દર્દીઓની વધી રહેલી સંખ્યા એ તંત્રની ચિંતામાં વધારો કર્યો છે.

શહેરમાં વધતા જતા કેસોને પગલે તંત્રએ સર્વેલન્સ સઘન બનાવ્યુ છે. આ ઉપરાંત ટેસ્ટીંગની કામગીરી પણ વધારવાનો નિર્ણય કર્યો છે. શહેરમાં જે કેસો સામે આવી રહ્યા છે તે કોમ્યુનીટી ટ્રાન્સમીશન છે કે લોકલ ટ્રાન્સમિશન છે તેને લઈ તંત્ર હજુ પણ અજમંસની સ્થિતિમાં છે. નવા સેક્ટરોમાંથી જે કેસો વધી રહ્યા છે તેને લઈ પણ તંત્ર ચિંતીત છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨૬ માંથી એક ૭૮ વર્ષીય ગૃહણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા કેવી રીતે સંક્રમિત થઈ તેને લઈ તંત્ર વિગતો મેળવી રહેલ છે. આ મહિલાને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરેલ છે. મહિલાના પરિવારના ૭ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૩ માંથી પણ એક ૭૪ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ આ મહિલાના પરિવારના બે સબ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# વાત ગાંધીનગરની

શ્રાવણના સરવરીયામાં શહેર આખુ ભિંજાયેલું રહ્યું. મેઘરાજા મન મુકીને વરસશે એવી આશા સાથે ઉગેલો દિવસ નિરાશા સાથે આથમ્યો

**મુખ્યમંત્રી પર અવિરત અભિનંદન વર્ષા**

નિર્ણાયક નેતૃત્વ અને સાલસ વ્યક્તિત્વ ધરાવતા રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી શાસનની પાંચમી વર્ષગાંઠે ઢગલાબંધ અભિનંદન વર્ષાથી ભીંજાયા હતાં. મંત્રીઓ-અધિકારીઓ-રાજકીય આગેવાનો અને પત્રકારોએ અભિનંદન અને શુભેચ્છાઓ થોકબંધ પાઠવી હતી. મુખ્યમંત્રીએ આખો દિવસ રાજ્યના વિકાસની કામગીરીમાં જ પસાર કર્યો હતો. શાસનના ચાર વર્ષ પુરા કરનાર પાંચમા મુખ્યમંત્રી તેઓ બન્યા છે. ગુજરાતના ઈતિહાસમાં અત્યાર સુધી ચાર વર્ષ પુરા કર્યા હોય તેવા મુખ્યમંત્રીઓમાં સર્વ હિતેન્દ્ર દેસાઈ, માધવસિંહ સોલંકી, અમરસિંહ ચૌધરી અને નરેન્દ્ર મોદીનો સમાવેશ થાય છે. જેમાં વિજયભાઈ રૂપાણીનું નામ ઉમેરાશે. જેમાં અત્યાર સુધી કોંગ્રેસના ૩ અને ભાજપના ૨ મુખ્યમંત્રીઓએ ચાર વર્ષ પૂરા કર્યા છે.

**જન્માષ્ટમીનો મેળો અને ગણેશોત્સવ બંધ**

શહેરમાં પરંપરાગત પંચદેવ મંદિરે અને ધોળેશ્વર મહાદેવે યોજાતો જન્માષ્ટમીનો મેળો આ વર્ષે બંધ રહેશે. કોરોના સંક્રમણના પગલે સે. ૨૨ માં યોજાતો સાર્વજનિક ગણેશોત્સવ ઉપરાંત શહેરમાં યોજાતા નાના-મોટા ગણેશોત્સવ પણ સરકારના આદેશાનુસાર હવે યોજાશે નહીં. સાથોસાથ તાજીયા જુલુસ પર પણ પ્રતિબંધ મુકાયેલો હોઈ શહેરમાં તાજીયા જુલુસ યોજાશે નહીં. 'બોલ મારી અંબે જય જય અંબે'ના જયઘોષથી ગાજતા શહેરના રાજમાર્ગો આ વર્ષે સુના લાગશે અને સેવા પ્રવૃત્તિથી ધમધમતા સેવા કેન્દ્રો પણ નહી હોવાથી વધારે સુનકાર લાગશે. શહેર અને શહેરની આસપાસના ધાર્મિક સ્થળો પર ભરાતા મેળા અને ઉત્સવો બંધ રહેતા જનજીવન શુષ્ક બની રહેશે.

**બજારોમાં તહેવારોની રોનક નથી**

શ્રાવણમાં નાગપાંચમથી આરંભાતા પાંચ દિવસના પર્વો જનજીવનને ધબકતા રાખે છે પરંતુ આ વર્ષે કોરોના મહામારીના કારણે બજારમાં સાવ શુષ્કતા અનુભવાય છે. નથી ખાજાની ડીમાન્ડ કે રાંધણ છઠ્ઠ માટે શાકભાજીની તેજી, સાતમ-આઠમનો મેળો નહીં હોવાથી ઉજવણીનો કોઈ ઉમંગ જ વર્તાતો નથી. કોરોનાએ તો શહેરમાં બજારોને નિરસ બનાવી દીધા છે. મહામારીનો તો ભય છે જ પણ મહામંદીના પગરવ સંભળાતા બજારો ધ્રુજી રહ્યા છે. પચાસ ટકાથી વધુ વેપારીઓ તો કહે છે કે લાઈટબીલ અને ઓફીસના ખર્ચા નીકળે એટલો પણ ધંધો નથી. આ વાસ્તવિકતા વધુને વધુ બિહામણી બનતી જાય છે.

**...હા એ અફવા જ હતી**

કેટલાક અહેવાલો વહેતા થયા હતાં કે મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની શુક્રવારે બપોરે બેઠક યોજાશે અને સંકલન સમિતિના નિર્ણય મુજબ વિકાસના કામોના ટેન્ડરો મંજુર કરાશે. આ અફવાઓ માધ્યમોમાં પણ ચાલી અને સોશીયલ મીડીયા ઉપર પણ ચાલી. જો કે સાચી વાત એ હતી કે આવી કોઈ સ્થાયી સમિતિની બેઠક શુક્રવારે યોજાઈ નથી.

**'અર્ક' આજનો...**

ચાલવાથી તન તંદુરસ્ત રહે છે પણ ચલાવી લેવાથી મન તંદુરસ્ત રહે છે.

# શહેરમાં રહેણાંક વિસ્તારમાં ધમધમતી હોસ્પિટલમાં ફાયર સેફ્ટીના નામે મીંડુ

ગાંધીનગર, તા.૭

તાજેતરમાં અમદાવાદ ખાતે શ્રેય હોસ્પિટલમાં આઈસીયુ વિભાગમાં સારવાર લઈ રહેલા ૮ દર્દીઓ મૃત્યુંને ભેટ્યા છે. ત્યારે હજુ પણ કેટલીક હોસ્પિટલ ફાયર ના સાધનોની અછત વિના અને ફાયર એનઓસી મેળવ્યા વિના ધમધમતી હોય છે. આ પ્રકારની હોસ્પિટલમાં દર્દીઓ અને સ્ટાફના માથે મોતનો ખતરો ઝળુંબતો હોય તેમ લાગી રહ્યું હોય છે. ત્યારે ગાંધીનગર શહેરમાં રાહતદરે કર્મચારીઓને ફાળવવામાં આવેલા પ્લોટમાં હાલ અનેક વેપાર ધંધા ધમધમી રહ્યા છે એટલુ જ નહી પરંતુ રહેણાંક વિસ્તારમાં મોટી હોસ્પિટલમાં પણ કાર્યરત છે.

**ગાંધીનગર આર્યુવેદિક કોલેજ અને હોસ્પિટલ તેમજ ગોયેન્કા હોસ્પિટલ પાસે ફાયર એનઓસી નથી. આ હોસ્પિટલમાં સ્ટાફ અને દર્દીઓ રામ ભરોસે હોય તેમ લાગી રહ્યું છે. જયારે ફાયર એનઓસી મેળવવામાં હોસ્પિટલનું ઉદાસીન વલણ પણ હોય શકે છે**

જ્યાં કાયદાકીય જોગવાઈ મુજબ હોસ્પિટલ ચલાવી ન શકાય અને એટલા માટે ફાયરબ્રિગેડ તેમને ફાયર સેફ્ટીની એનઓસી આપી શકતા નથી. આમ ફાયર સેફ્ટીના એનઓસી વગર ચાલતી હોસ્પિટલો શહેરના દર્દીઓ માટે ક્યારેક જોખમરૂપ પણ બની શકે છે.

આવા સંજોગોમાં જે તે સમયે સરકારે નગરના સેકટરોમાં રહેણાંકના હેતુથી કર્મચારીઓને પ્લોટ ફાળવ્યા હતા પરંતુ સમય જતા હાલ સેકટરોમાં રહેણાંકના પ્લોટનો કોમર્શીયલ ઉપયોગ થઈ રહ્યો છે. સેકટરોના રહીશોની આસપાસ પણ કલીનીક અને દવાખાના ચાલી રહ્યા છે. રહેણાંક વિસ્તારમાં હેતુફેરના મામલે અનેકવાર ફરીયાદો અને વિવાદો ઉઠતા રહ્યા છે પરંતુ આરંભે શુરા તંત્ર દ્વારા કામગીરી શરુ કરતા વેંતજ બધુ આટોપી લેવાની નિતી અપનાવામાં આવી છે. શહેરમાં રહેણાંક વિસ્તારમાં ધમધમતી દુકાનો પણ તેનું ઉત્તમ ઉદાહરણ છે. એક બાજુ રાજયના વિવિધ શહેરોમાં સલામતી અને વ્યવસ્થાના અભાવ વચ્ચે સમયાંતરે દુર્ઘટનાઓના કિસ્સાથી શિક્ષિત સમાજ વ્યથિત છે. ગાંધીનગરમાં પણ આ મામલે દિવા તળે અંધારા જેવી સ્થિતિ છે. અમદાવાદ શ્રેય હોસ્પિટલની દુર્ઘટના બાદ હરકતમાં આવેલા તંત્રએ આ મામલે ચેકીંગ હાથ ધર્યુ છે. શહેરની હોસ્પિટલમાં દર્દીઓની સલામતી તેમજ રહેણાંક વિસ્તારમાં કાર્યરત દવાખાનાઓ અન્વયે તંત્રએ જરુરી તમામ પગલાઓ લેવાની અનિવાર્યતા હોવાનો શુર નગરના નાગરીકો ઉઠાવી રહ્યા છે.

# ઉદ્યોગભવન તોતિંગ બિલ્ડીંગને અનુલક્ષી નાનું અમથુ પાર્કીંગ : મુલાકાતીઓમાં રોષ

## હાર્દ સમા વિસ્તારમાં સ્થિત સંકુલમાં સાંકડા માર્ગ પર એકબાજુ વાહનાનો ખડકલો : પાર્કીંગ પ્લેસની મોટાભાગની જગ્યા ગાર્ડનમાં કવર કરી લેવાતા સમસ્યા જટીલ






ગાંધીનગર તા ૭

શહેરના હાર્દસમા વિસ્તારમાં ઘ-૪ પાસે અન્ડર પાસનુ કામ ચાલી રહ્યુ છે. ત્યારે ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ છે જયારે આ વિસ્તારમાં સ્થિત ઉદ્યોગભવન સંકુલમાં પ્રવેશતા પણ આવી જ સ્થિતિ જોવા મળે છે. ભુલભુલૈયા સમાન ઉદ્યોગભવનના બિલ્ડીંગને અનુલક્ષી પર્યાપ્ત પાર્કીંગ વ્યવસ્થા ન હોવાથી મુલાકાતીઓ રોજબરોજ ગોથે ચઢે છે. જયારે સંકુલમાં પાર્કીંગની જગ્યા બગીચામાં રોકાયેલી રહેતા પાર્કીંગનો પ્રશ્ન વધુ પેચીદો બન્યો છે. હાલ સંકુલમાં પુરતી પાર્કીંગ વ્યવસ્થા ન હોવાથી મુલાકાતીઓ અને કર્મચારીઓએ વાહન પાર્કીંગ માટે વલખા મારવા પડે છે.





શહેરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત ઉદ્યોગ ભવનના વિશાળકાય બિલ્ડીંગમાં પાર્કીંગ વ્યવસ્થા ખાડે ગઈ છે. તોતિંગ બિલ્ડીંગમાં અનેકવિધ કચેરીઓ ધમધમતી હોવાથી આ સંકુલમાં આવતા કર્મચારીઓ ઉપરાંત મુલાકાતીઓની સંખ્યા પણ વિશેષ છે ત્યારે સંકુલમાં પ્રવેશતા જ પાર્કીંગની સમસ્યા મુલાકાતી માટે શિરદર્દ સમાન બને છે. હાલ વિશાળકાય બિલ્ડીંગની આસાપાસની ખુલ્લી જગ્યામાં બગીચાનુ નિર્માણ કરાયુ છે. જયારે બગીચાના લીધે પાર્કીંગ માટે જગ્યા વધતી નથી જેના લીધે સંકુલમાં સ્થિત સાંકડા માર્ગ પર એકબાજુ કાર્સની લાઈન લાગે છે.એકસાઈડ પાર્કીંગ ઉભુ કરાયુ છે. પરંતુ આ પાર્કીંગના અંતે બાજુમાંથી વાહનોએ પસાર થવાનુ પણ મુશ્કેલ બને છે. જયારે વાહન પાર્કીંગ માટે આ જગ્યા પુરતી નથી. જેના લીધે ઉદ્યોગભવનની મુલાકાતે આવતા નાગરિકોએ ભવનને ફરતે બે ચાર રાઉન્ડ મારવા પડે છે જેના અંતે માંડ માંડ પાર્કીંગની જગ્યા મળે છે. આવા સંજોગોમાં મોટામસ બિલ્ડીંગની નજીક સ્થિત ખુલ્લી જગ્યાને બગીચાના નામે બ્લોક કરી દેવામાં આવી છે. જેથી આ ખુલ્લી જગ્યામાં વાહનો પાર્ક કરી શકાતા નથી. બગીચાના લીધે મોટી જગ્યા રોકાયેલી રહે છે. બીજીતરફ મુલાકાતીઓ તેમજ કર્મચારઓએ વાહન પાર્કીંગમાં ભારોભાર

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com